Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૯૧ ( ચાલુ ) વીર સં. ૨૫૧૨
વિક્રમ સંવત ૨૦૪૨ મહા

## પદ ૩૯

લેખક : પરમ પૂજ્ય આનંદઘનજી મહારાજ સાહેબ.

તરસ કી જઇ દઇ કો દઇકી સવારીરી,
તિક્ષણ કટાક્ષ છટા લાગત કટારીરી (તર૦) ૧

શુદ્ધ ચેતના કહે છે : હે સમતા સખિ મારા શુદ્ધ ચેતનપતિ મારે ઘેર આવતા નથી. પણ કુમતિ, મમતા અને તૃષ્ણા વગેરેને ત્યાં જાય છે. અશુદ્ધ પરિણતિને ઘેર પડી રહે છે. હું સ્વામી વિરહ રૂપ તૃષાથી જવલી જાઉ છું. ગરીબના ઉપર વળી દૈવની સ્વારી ચઢી આવે છે તેમ કર્મ પણ એવું ઉદયમાં આવ્યું છે, તે મારા સ્વામીને મારા ઘર તરફ આવતાં વારે છે. દગ્ધ થયા ઉપર જેમ ડામ લગાવવો તેના જેવી મારી અવસ્થા થઇ છે.

હે સખિ ! તીક્ષ્ણ કટાક્ષની છટા, મને સ્વામીના વિયોગે હૃદયમાં કટારી મારી હોય તેવું દુઃખ ઉત્પન્ન કરે છે, સ્વામીના પ્રેમ વિના સુખના કારણો મને દુઃખરૂપ પરિણમ્યા છે. હવે હું શું કરૂં ?

સાયક લાયક નાયક પ્રાનકો પહારીરી
કાજર કાજ ન લાજ બાજ, ન કહુ વારીરી (તર૦) ૨

શુદ્ધ ચેતના કહે છે, “હે સમતા સખિ ! મારો આત્મનાથ આવા પ્રસંગે મારી આશાને પૂર્ણ કરતો નથી તેથી તે બાણ સમાન લાગે છે વળી તે આવા

( અનુસંધાન ટાઈટલ પેજ ૩ ઉપર )

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

પુસ્તક : ૮૩ ] ફેબ્રુઆરી–૧૯૮૬ [ અંક : ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | યહ તો શુભ ઉપયોગ નહીં હૈ | ડૉ. મહેન્દ્રકુમાર પ્રવણિડયા | ૪૫ |
| (૨) | ૐ અર્હં નમ: | પ.પૂ. આ.દેવશ્રી વિજયકેશરસૂરિશ્વરજી | ૪૬ |
| (૩) | ઈર્ષા હી દુ:ખ કા કારણ? | શ્રી કુલભુષણજી | ૪૮ |
| (૪) | શ્રી જ્ઞાનપંચની આરાધના | — | ૪૯ |
| (૫) | રોટી ભાજી તો ઠીક! | — | ૫૧ |
| (૬) | વરદત્ત | — | ૫૨ |
| (૭) | અમરચંદ બાંઠિયા | રઘુવીર સહાયક | ૫૩ |
| (૮) | સતી સુરસુંદરી | પુ. મુનિરાજ શ્રી દાનવિજયજી મ. સાહેબ | ૫૫ |
| (૯) | સમયની ઉપેક્ષા | — | ૫૭ |
| (૧૦) | મનની વિશુદ્ધતાના ઉપાયો | હીરાલાલ બી. શાહ | ૫૮ |
| (૧૧) | ઘોઘા તીર્થયાત્રા | — | ૫૯ |
| (૧૨) | જીવન સૌરભ | સુંદર શશી | ૬૦ |


આ સભાના નવા આજીવન સભ્ય

## (૧) શ્રી ચંપકલાલ મગનલાલ વોરા–સુરત


# સ્કોલરશીપ વિતરણ સમારંભ

તા. ૨-૨-૮૫ના રોજ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ એનાયત કરવાનો સમારભ આ સભાના શ્રી ભોગીલાલ હોલમાં યોજવામાં આવ્યો હતો. સભ્યો તેમજ આમંત્રિત ગૃહસ્થોની હાજરી સારી હતી. કાયની શરૂઆતમાં વિદ્યાર્થીઓ સાથે મૈત્રીભર્યો સંપર્ક સાધવામાં આવ્યો હતો. કોઈ ભેદભાવની રેખાની હસ્તિ જ ન રહે તેવી પરિસ્થિતિ સર્જવામાં આવી હતી. વિદ્યાર્થીઓના ચહેરા પર આનંદની ઝળક ચમકી રહી હતી. કુલ ૧૮ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી. દરેકને રૂા. ૧૫૦) આપવામાં આવ્યા હતા.

સ્કોલરશીપ વિતરણ વિધિ શ્રીમાન્ શેઠશ્રી ભોગીલાલભાઈ (કૃષ્ણનગર નિવાસી) તેમજ શ્રી પોપટલાલ અનોપચંદ (વલભીપુર વાસી) ભાઈના શુભ હસ્તે થઇ હતી. વિદ્યાર્થીઓને આજની પરિસ્થિતિ અને ભવિષ્યમાં સારા નાગરિક તરીકેની ફરજ વિષે માર્ગદર્શન અપાયું હતુ. જ્યારે વિદ્યાર્થીઓ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે ત્યારે જૈન સમાજની સેવાનું કાર્ય હાથ ધરે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી. તેઓ સહુ સારા નાગરિક બને, જૈન શાસનના સ્તમ્ભ બને તેવા આશીર્વાદ આપવામાં આવ્યા હતા. આ વખતે શ્રીયુત પોપટલાલભાઈ (વલભીપુરવાસી) એ કેળવણી ફંડમાં ૫૦૦ (પાંચસો) રૂા. જાહેર કર્યા હતા. —**શ્રી જૈન આત્માનંદ સભા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત

વર્ષ : ૮૩ ] વિ. સં. ૨૦૪૨ મહા : ફેબ્રુઆરી-૧૯૮૬ [ અંક : ૪

# યહ તો શુભ ઉપયોગ નહીં હૈ

**ડો. મહેન્દ્રકુમાર પ્રચણ્ડિયા**

નીલાંબરમેં બાદલ છાએ
ષટ્ લેશ્યાઓં કા જલ લાએ
ઇન્દ્રધનુષ છાયા અમ્બરમેં,
વર્ષાકા કોઇ યોગ નહીં હૈ
યહ તો શુભ ઉપયોગ નહીં હૈ.

કથની-કરની ઇકસાર નહીં હૈ,
ધાર્મિકતા વ્યાપાર નહીં હૈ;
સીખે શબ્દ અર્થ નહીં સીખા,
યોગ અવશ્ય પ્રયોગ નહીં હૈ.
યહ તો શુભ ઉપયોગ નહીં હૈ.

ષટ્ આવશ્યક કિયે બરાબર,
નહીં સમજ પાએ જીવનભર,
રત્નત્રય વિન વ્યર્થ સાધના,
શ્રમ તો હૈ, સંયોગ નહીં હૈ.
યહ તો શુભ ઉપયોગ નહીં હૈ.

'જૈન જગત'ના સૌજન્યથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુખ અને શાંતિ માટે પરમાત્માનું સ્મરણ

## ॐ અર્હં નમઃ

પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયકેશર સૂરીશ્વરજી

એક રાજા અને એક રંક, એક સુખી અને એક દુઃખી, એક રોગી અને એક નિરોગી, આવી વિવિધતાઓ વિશ્વમાં આપણી નજરે પડે છે–તેનું ખરૂં કારણ પુન્ય અને પાપ છે. પુન્યથી જીવો સુખી થાય છે. પાપથી જીવો દુઃખી થાય છે.

વિશ્વમાં કાર્ય અને કારણના નિયમો અચળ છે. કારણ વગર કાર્ય થતું નથી. ચાલુ સુખ દુઃખના કાર્યો તેના કારણની અપેક્ષા રાખે છે. કારણ પહેલું અને કાર્ય પછી. આ નિયમાનુસાર અત્યારની મનુષ્યની સ્થિતિ પૂર્વના કારણાનુસાર બનેલી છે.

ધનાદિ અનુકુળ સાધનોની પ્રાપ્તિમાં પુરુષાર્થની સાથે પુન્ય પ્રકૃતિ હોય તોજ મનુષ્યો સફળતા પામે છે. પરમાર્થ અને પરોપકારનાં કાર્યોથી જીવો પુન્ય ઉપાર્જન કરે છે. મન, વચન, શરીર અને ધનાદિનો સદ્‌ઉપયોગ કરવાથી પુન્ય બંધાય છે. તેથી જીવો સુખી થાય છે. **પરમાત્માનું સ્મરણ કરવાથી આત્મા નિર્મળ થાય છે.** વિશેષ પ્રકારે પુન્ય બંધાય છે. ઉત્તરોત્તર જીવ આગળ વધે છે.

આ પરમાત્માના નામનું સ્મરણ ગરીબ ને ધનાઢય, બાળ, યુવાન, ને વૃદ્ધ, સુખી અને દુઃખી દરેક જીવ કરી શકે છે. જેને સમય ઓછો મળતો હોય તેઓ હાલતાં, ચાલતાં, સૂતાં, બેસતાં અરે કામકાજ કરતાં પણ પ્રભુ સ્મરણ કરી શકે છે. વસ્ત્ર કે શરીરની શુદ્ધિ ન હોય તો પણ હોઠ ન ચાલે તેમ **મનમાં જાપ** કરવામાં વાંધો નથી. ગમે તે વખતે અને ગમે તે સ્થાને રહીને જાપ કરવામાં વાંધો નથી.

વ્યવહારમાં કોઇપણ કાર્ય કરતાં પરમાત્માનું નામ ન ભૂલાય, કાર્ય પુરૂં થાય કે તરત પ્રભુનું નામ યાદ આવે. આથી સારી કમાણી કરી ગણાય અને તેનો જન્મ સફળ થયો કહેવાય.

જાપ અનેક પ્રકારના છે. પણ જે જાપ કરવામાં પોતાનું સાધ્ય સ્મરણમાં રહે, રોમેરોમમાં પોતાનું લક્ષ પરિણમી રહે તે જાપ ઉત્તમ છે. આવો જાપ ॐ અર્હં નમઃ —આ પાંચ અક્ષરનો છે. આનો અર્થ આ પ્રમાણે છે.

ॐ માં પંચ પરમેષ્ટિનો સમાવેશ થાય છે. પંચ પરમેષ્ટિ એ આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિની પાંચ ભૂમિકા છે. તે દરેકનો પ્રથમ અક્ષર લઈ ॐ કાર બનેલો છે.

અરિહંત, અશરીરિ, આચાર્ય. ઉપાધ્યાય અને મુનિ આ પાંચ ભૂમિકા છે.

આત્માનું શુભ પૂર્ણ સ્વરૂપ તે અશરીરિ સિદ્ધ પરમાત્મા છે. તેને દેહાતિત, પૂર્ણબ્રહ્મ, બ્રહ્મસ્વરૂપ, સિદ્ધ, અજર, અમર, અવિનાશી ઈત્યાદિ અનેક નામોથી બોલાવાય છે. આની અંદર નિર્વાણ પામેલા–મોક્ષે ગયેલ દરેક આત્માનો સમાવેશ થાય છે.

અરિહંત એ દેહમાં રહેલ પૂર્ણ સ્વરૂપ પરમાત્માનું નામ છે. દેહનો ત્યાગ કરતાં તે સિદ્ધ પરમાત્મા ગણાય છે. આની અંદર દરેક પૂર્ણજ્ઞાની, કેવળજ્ઞાની, તીર્થંકર આદિનો સમાવેશ થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આચાર્યની અંદર પ્રભુ માર્ગના રક્ષક, પોષક, સંદેશવાહક સત્ય વસ્તુના પ્રતિપાદક, સમુદાયના માલિક અને પૂર્ણતા મેળવવા પ્રયત્ન કરનારનો સમાવેશ થાય છે.

ઉપાધ્યાયની અંદર મૂળ વસ્તુ તત્ત્વના પ્રતિપાદક, અનેક જીવોને જાગૃતિ આપનાર ઉચ્ચ કોટિના સાધકોનો સમાવેશ થાય છે.

મુનિઓની અંદર, જેઓને બોધિ બીજની પ્રાપ્તિ થઇ છે, તે પછીના સર્વસ્વ ત્યાગી, વૈરાગી સ્વસ્વરૂપમાં રમણતા કરનારા, સ્વપર ઉપકારી સર્વ સાધુ વર્ગનો સમાવેશ થાય છે.

આ સર્વના પ્રથમ અક્ષર अ, अ, आ, उ, માંથી (ॐ) ઔંકાર બનેલો છે. વ્યાકરણના નિયમ પ્રમાણે પાંચે મળી ઔં થાય છે.

अर्हं શબ્દ એ પરમાત્માનું નામ છે. अर्हं–એટલે લાયક. વિશ્વમાં જે લાયકમાં લાયક તત્ત્વ છે, તે **અર્હં** છે. જેની આગળ વિશેષ લાયકાત ન હોય તેને સૂચવનારો **શબ્દ** अर्हं છે તેમજ अर्हं શબ્દ એ સિદ્ધચક્રનો **બીજ મંત્ર** છે. સિદ્ધ પુરૂષોનો સમુદાય તે સિદ્ધચક્ર છે. જેમાં વિશ્વના તત્ત્વરૂપ દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણે તત્ત્વનો સમાવેશ થાય છે. અરિહંત અને સિદ્ધ એ બેની અંદર દેવનો સમાવેશ થાય છે. આચાર્ય, ઉપાધ્યાય, અને મુનિ, એનો ગુરૂ વર્ગમાં સમાવેશ થાય છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ચારનો ધર્મમાં સમાવેશ થાય છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થવાનાં સાધનો તે ધર્મ છે. આત્માદિ વસ્તુ જ્ઞાન તે જ્ઞાન છે. તેની દૃઢ શ્રદ્ધા તે દર્શન છે. અને શ્રદ્ધા પ્રમાણે વર્તન કરવું તે ચરિત્ર છે. સર્વ ઇચ્છાઓનો નિરોધ કરવો તે તપ છે. આ ચારને ધર્મ કહેવામાં આવે છે. ઉપરના પાંચ પરમેષ્ટિ સાથે મેળવતાં નવ થાય છે. એ નવના સમુદાયને સિદ્ધચક્ર કહે છે. તે નવનો વાચક શબ્દ अर्हं છે अर्हं શબ્દ બીજ રૂપ હોવાથી તેમાં સિદ્ધચક્રનો સમાવેશ થાય છે. આ દેવ, ગુરૂ અને ધર્મ એ આત્માની ચડતી ભૂમિકાઓનું લક્ષ રાખી જાપ કરવો તે આત્માનો શબ્દ રૂપે જાપ કરવા બરાબર છે, તે ઓં અર્હં નમઃ આ જાપ છે. આ મંત્રના **કરોડો જાપ** કરવા જોઇએ. જાપ કરવાથી હલકા વિચારો આપણી આગળ આવતા નથી. મન બીજે ભટકી **પાપ બાંધતું બંધ થાય છે.** જાપથી આપણી તરફ પવિત્ર પરમાણુઓ ખેંચાઈ આવે છે, આજુબાજુનું વાતાવરણ પવિત્ર થાય છે. મન શરીરાદિના પરમાણુઓ પવિત્ર બને છે, સંકલ્પો સિદ્ધ થાય છે. પાપ ઘટે છે, પ્રતિકુળતાઓ દૂર થાય છે અનુકૂળતાઓ આવી મળે છે. પ્રભુના માર્ગમાં આગળ વધવાના અધિકારી થઈએ છીએ. લોકપ્રિય થવાય છે, વ્યવહારની મુંઝવણ ઓછી થાય છે. લાંબા વખતે વચન સિદ્ધિ થાય છે. આ સર્વ પરમાત્માના નામ સ્મરણથી થાય છે.

ટૂંકમાં કહીએ તો આ જાપથી દરેક મનોકામના સિદ્ધ થાય છે અવધિજ્ઞાન જેવાં ત્રિકાળ જ્ઞાન પણ જાપમાંથી પ્રગટે છે. આ જાપ ગુણનો બનેલો છે.

કોઇપણ ધર્મને બાધ ન આવે તેવો છે. કેમકે આમાં કોઈપણ ધર્મનું વિશેષ નામ નથી. પણ સામાન્ય નામ છે કે વિશ્વમાં કોઇપણ લાયકમાં લાયક તત્ત્વને હું નમસ્કાર કરૂં છું એટલે મહાફળદાયક આ જાપ દરેક મનુષ્યને કરવા યોગ્ય છે.

આગળ વધવા ઇચ્છનારને આ જાપ એ પ્રથમ ભૂમિકા છે. આંખો બંધ કરીને ભ્રકુટીની અંદર ઉપયોગ–સુરતા આપી, ઉઘાડી આંખે જેમ જોઈએ છીએ તેમ બંધ આંખે અંદર જોવું અને ત્યાં ॐ अर्हं નમઃ આ મંત્રનો જાપ કરવો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઈર્ષા હી દુઃખ કા કારણ

**—શ્રી કુલભૂષણજી**

એક સમય ઉત્તમ કોટિના ચાર વક્તા વિદ્વાન રાજાના દરબારમાં આવ્યા. રાજાએ તેમનું યોગ્ય આતિથ્ય કર્યું. ત્યારબાદ નૃપતિને આ વિદ્વાનો વિષે જાણવાની ઉત્કંઠા થઈ. એક પછી એક પાસે જઇને પૃચ્છા કરી. પ્રથમ વિદ્વાનને બીજા વિદ્વાન વિષેની માહિતી પૂછી. તેણે રાજવીને કહ્યું, "હે રાજન્ ! શું આપને કહું ? —તે તો કોરો ગધેડો છે. પછી રાજાએ બીજા વિદ્વાનને ત્રીજા વિષે પૂછયું. તેણે કહ્યું કે તે તો તદ્દન ઘોડો છે, ત્યારબાદ રાજાએ તીસરા વિદ્વાનને ચોથા વિદ્વાન વિષે પૂછયું. પ્રત્યુત્તરમાં ત્રીજા વિદ્વાને કહ્યું કે તે તો ખરેખર ઊંટ છે. ત્યારબાદ રાજાએ ચોથા વિદ્વાનને પ્રથમ વિદ્વાનની યોગ્યતા વિષે પૂછયું. ત્યારે તેણે જવાબ વાળ્યો, "હે રાજન્ ! તે તો ખરેખર બળદ છે. આ સાંભળીને રાજાને ખૂબ આશ્ચર્ય થયું.

ચારે વિદ્વાનો ખૂબ ખુશ હતા. તેમણે માન્યું કે રાજાને ત્યાં ખૂબ સ્વાદિષ્ટ ભોજન મળશે. જ્યારે ભોજન સમય થયો ત્યારે રાજાએ, ચારે વિદ્વાનોના કથનાનુસાર પ્રથમ વિદ્વાન માટે ડાંગરનું ભુસું, બીજા માટે દાણા, ત્રીજા માટે લીમડાના પાન, અને ચોથાને માટે ઘાસ લાવીને રાખી દીધું.

તે જોઇને ચારે વિદ્વાનોને અત્યંત આશ્ચર્ય થયું. તેમણે રાજાને પૃછયું, "હે રાજન્ ! આપે આવું ભોજન કેમ લાવી રાખ્યું ? તે સાંભળીને રાજાએ કહ્યું, "હે વિદ્વાનો ? આપે એક બીજા માટે જે પરિચય આપ્યો તે મુજબ ભોજન લાવીને રાખવામાં આવ્યું છે."

આથી વિદ્વાનો ખૂબ શરમાયા. રાજાથી તિરસ્કાર પામેલ તેઓ પોતપોતાને સ્થાને ગયા.

જો કે ચારે વિદ્વાનો ઉચ્ચ કોટિના હતા. પણ ઇર્ષા ભાવને કારણે એક બીજાની ઉચ્ચતા સહન કરી શકતા નહીં અને બીજાને માટે કટુવચન બોલતા. જો તેમનામાં ઈર્ષાભાવ ન હોત તો રાજદરબારમાં ઉચ્ચ પદ પામત.

એ વાત સાચી છે કે ઈર્ષા માનવની આભૂષણતાનો નાશ કરે છે. મનુષ્ય જીવનમાં માન, તિર્યંચમાં માયાચારી, નરક ગતિમાં ક્રોધ અને દેવ ગતિમાં લોભના રૂપમાં આ ઈર્ષાએ પોતાની સત્તા જમાવી છે.

'જૈન જગત'ના સૌજન્યથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જ્ઞાન પંચમી-આરાધના

## જ્ઞાનની પ્રાથમિકતા :

પરમાત્મા તીર્થંકર દેવ જ્યારે ધર્મતીર્થની સ્થાપના કરે છે ત્યારે સર્વ પ્રથમ પોતાના શિષ્યોને " **ત્રિપદી** " સ્વરૂપ જ્ઞાન આપે છે, **"ઉપ્પનેઈવા, વિગમેઈવા, ધ્રુવેઈવા"** –આ ત્રિપદીના આધાર પર ગણધર ' દ્વાદ્વશાંગી ' ની રચના કરે છે. સમગ્ર જ્ઞાનગંગાના મૂળ સ્રોત **'દ્વાદ્દશાંગી'** છે.

જ્ઞાનની પ્રાથમિકતા બતાવતા, તીર્થંકર ભગવંતોએ કહ્યું છે, **'પઢમં નાણું તઓ દયા'** પ્રથમ જ્ઞાન મેળવી બાદમેં દયાનું પાલન થઇ શકશે. જ્ઞાન વિના અહિંસા ધર્મનું પાલન સંભવ નથી. એકેન્દ્રિયાદિ જીવોનું જ્ઞાન નહોય તો તે જીવોની રક્ષા કઇ રીતે કરી શકાશે ?

તેઓશ્રીએ કર્મનિર્જરા માટે બાર પ્રકારની તપશ્ચર્યા બતાવી છે તેમાં શ્રેષ્ઠ તપશ્ચર્યા જ્ઞાનની બતાવી છે. જ્ઞાન સમાન બીજું તપ નથી. "જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષઃ" પ્રથમ જ્ઞાન જોઈએ, પછી ક્રિયા કરવાની છે.

જિનેશ્વર ભગવંતોએ પાંચ આચાર પાળવાની આજ્ઞા આપી છે. તેમાં પ્રથમ આચાર જ્ઞાન છે–ત્યારબાદ દર્શનાચાર ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર આથી જ્ઞાનની સર્વ શ્રેષ્ઠ મહત્તા પરિસ્ફુટ થાય છે, બીજી વાત આત્માનો મૂળ ગુણ જ્ઞાન છે, ક્રિયા નહીઃ જ્ઞાન પ્રાપ્તિના પુરુષાર્થથી જ જ્ઞાનગુણ પ્રકટ થાય છે.

તેથી ફલિતાર્થ એ છે કે જો મોક્ષ મેળવવું છે, આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાનું છે તો જ્ઞાન પ્રાપ્તિ અનિવાર્ય છે, સ્નાતસ્ય સ્તુતિમાં સાંભળો છો-મોક્ષ પ્રદ્વારભુત'-જ્ઞાન મોક્ષનું મુખ્ય દ્વાર છે.

જ્ઞાનની આશાતના કરવાથી જ્ઞાનાવરણીય કર્મ અશાતા વેદનીય કર્મ, અશુભ નામ કર્મ વગેરે પાપ કર્મ બંધાય છે જ્યારે આ કર્મ ઉદયમાં આવે છે ત્યારે જીવાત્મા મતિમૂઢ બને છે રોગી બને છે અને અભાગી બને છે.

## ગુણમંજરીની કથા—

પદ્મપુર નામે નગરી, ત્યા વસે સિંહદાસ નામે શ્રેષ્ઠી તેને હતા, કપુરતિલકા નામે પત્ની અને ગુણમંજરી નામે પુત્રી. ગુણમંજરી જન્મ થીજ ગુંગી હતી. તેમજ હતી રોગી. શેઠ પાસે કરોડો રૂપિયા હતા. પરંતુ પુત્રીની દુઃખમય સ્થિતિથી દુઃખી હતા, અનેક ઔષધ-ઉપચાર કરવા છતાં કોઈ કાર્યવાહી સફળ થતી ન હતી.

એક દિવસે તે શહેરમાં વિજયસેન આચાર્ય દેવ પધાર્યા. રાજા તેમજ પ્રજા ધર્મોપદેશ સાંભળવા તેમની પાસે જતા. આચાર્યદેવ અવધી જ્ઞાની હતા. તેમણે જ્ઞાન-ઉપાસના કરવાનો અને જ્ઞાનની આશાતના નહિ કરવાનો ઉપદેશ આપ્યો જ્ઞાન-વિરાધનાના કટુફળ પણ સમજાવ્યા.

ત્યારે સિંહદાસે ગુરુદેવને વંદન કરી, વિનય પૂર્વક પૂછયું, "ભગવંત! મારી પુત્રી ગુણમંજરીને પૂર્વભવમાં એવી કઇ જ્ઞાન-વિરાધના કરી છે કે જેથી આ જન્મમાં તે ગુંગી અને રોગી બની છે ?

આચાર્યદેવે કહ્યું, " મહાનુભાવ! ધાતકી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખંડમાં ભરતક્ષેત્રની વાત છે, ત્યાં 'ખેટક' નામે ગામ છે તે ગામમાં જિનદેવ નામે શ્રાવક હતા, તેને સુંદરી નામે પત્ની હતી. તેને પાંચ પુત્ર હતા અને ચાર પુત્રીઓ હતી, બાળકોને ભણવા માટે નિશાળે મોકલ્યા. પણ ભણવામાં આળસુ હતા. ખૂબ સમજાવ્યા છતાં સમજયા નહીં ત્યારે પંડિતે મારવાનું શરૂ કર્યું.

બાળકોએ સુંદરી સમક્ષ ફરિયાદ કરી–પંડિત અમને મારે છે, બાળકોને શારી રીતે અભ્યાસ કરવાનું કહેવાને બદલે ભેગા મળી પંડિતને મારો તેમ સમજાવ્યું. બાળકો પંડિતને મારી ઘેર આવ્યા, સુંદરીએ પાટી, પુસ્તક વગેરે સળગાવી દીધા અને બાળકોને કહ્યુ, "હવે તમારે ભણવાનું નથી."

બાળકો મોટા થયા, શેઠે પુત્રો માટે કન્યાની તલાશ કરી. અનપઢ–મૂર્ખ બાળકોને પોતાની કન્યા આપવા કોઇ તૈયાર થયુ નહિ, શેઠે સુંદરીને કહ્યું, જો આ તારી કરણીના ફળ! સુંદરીએ શેઠ સાથે કજિયો કર્યો શેઠે સુંદરીને માર માર્યો, સુંદરી મર્માહત બની–મૃત્યુ પામી મૃત્યુ પામીને આ તારી પુત્રી ગુણમંજરી બની છે.

આ સાંભળી ગુણમંજરી ગાઢ વિચારમાં ડૂબી ગઈ આચાર્યદેવે કહ્યું, "મહાનુભાવ! ગુણમંજરીને જાતિસ્મરણ જ્ઞાન થયું છે. મેં કહેલું તેના પૂર્વ ભવનું વૃતાંત–તેની સ્મૃતિમાં આવી ગયું છે!"

શેઠે કહ્યું. "હે પ્રભો! હવે શું કરવામાં આવે તો તેને જ્ઞાન પ્રાપ્તિ થાય, ગુંગાપન જાય અને શરીરનો રોગ જાય? આચાર્ય દેવે કહ્યું, ગુણમંજરીએ જ્ઞાન પંચમીની આરાધના કરવી જોઇએ દર માસની શુકલ પંચમીના દિવસે નિર્જળ ઉપવાસ, જિનપૂજા સુપાત્ર દાન અને જ્ઞાનપદનો જાપ. પાંચ વર્ષ અને પાંચ માસ સુધી આ રીતે આરાધના કરવી."

સિંહદાસે ગુરુદેવનો વારંવાર ઉપકાર માન્યો અને ઘેર ગયો ગુણમંજરીએ સુંદર આરાધના કરી તેનો આત્મા દેવલોકમાં ગયો ત્યારબાદ મહાવિદેહ ક્ષેત્રમાં રાજા અમરસિંહનો પુત્ર સુગ્રીવ બન્યો તે પણ વિરકત બની, દીક્ષા લઈ, સર્વ કર્મોનો ક્ષય કરી મોક્ષમાં ગયો.

## ✕ ✕ ✕ ✕ જ્ઞાન ભક્ત મહાપુરૂષ ✕ ✕ ✕ ✕

મહાન્ આચાર્યદેવ હરિભદ્રસૂરિજીના પરમ ભકત એક શ્રાવક હતો. તેનું નામ લલ્લીગ.

હરિભદ્રસૂરિજીને ૧૪૪૪ ગ્રન્થની રચના કરવી હતી, આયુષ્ય હતું. પરિમિત. કાર્ય હતુ ઘણું મોટું, આખો દિવસ કામમાં વ્યસ્ત રહેવાં છતાં, ૧૪૪૪ ગ્રન્થની રચના થશે નહિ રાત્રિના સમયે લખવાનું કાર્ય બની શકે તો કાર્ય સંપૂર્ણ થાય તેઓશ્રીએ લલ્લીગ શ્રાવકને કહ્યું, "જો એવો મણિ મળી જાય કે જેથી અચિત પ્રકાશમાં લખી શકાય તો મારૂં જીવન કાર્ય સંપૂર્ણ બની શકે."

લલ્લીગ શ્રાવકે એવો મણિ મેળવ્યો અને ઉપાશ્રયમાં ગુરુદેવ પાસે રાખી દીધો. પછી હરિભદ્રસૂરિજીએ રાત્રિના પણ લખવાનું શરૂ કર્યું. ૧૪૪૪ ગ્રન્થની રચના પૂર્ણ કરી.

પ્રતિભાશાળી જ્ઞાની પુરુષોને જો આવા અરાધક મહાનુભાવ મળી જાય તો સર્જન અને પ્રસાર ખૂબ સુંદર બને.

ન્યાય–નીતિ–સદાચાર વગેરે ગુણોના પ્રેરક અને ત્યાગ વૈરાગ્યની ભાવનાઓ જાગૃત કરનાર પુસ્તકોના વાચન–પઠનથી મન સ્વસ્થ, પ્રસન્ન અને પવિત્ર બને છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રોટી ભાજી તો ઠીક!

સને ૧૯૪૨ના ખૂનની હોળી ખેલવાના દિવસ હતા. ભારતની આઝાદી માટે નાના બચ્ચોથી માંડીને વૃધ્ધો સાહત સહુ જી-જાનથી કોશિશ કરતા હતા, ગાંધીજીએ અંગ્રેજોને ભારત છોડવાનો આદેશ દીધો હતો. અંગ્રેજ સરકારની જેલો આઝાદી દીવાનાઓથી ભરચક હતી. સાબરમતી જેલની બેરેક પણ ભરચક હતી. ગુજરાતના લોકસેવક રવિશંકર મહારાજને પણ અહીં જેલમાં કેદ કરેલ હતાં. પણ તેઓ તો જુદી માટીના હતા, તેમણે તો જેલને તપોવન બનાવી દીધો,

દરરોજ સાંજે ગીતા-કુરાન-મહાભારતની સુંદર કથાઓ કહી કેદીઓને નીતિના પાઠ શિખવતા ભજન ગાતા અને મૌન પળાવીને પરમાત્માનું ધ્યાન કરાવતા.

અહીં જમાલમિયાં નામનો કેદી હતો. પોતાની પત્નીના ખૂન માટે તેને સાત વર્ષની સજા થઇ હતી. ધીરે ધીરે તેને વોર્ડર બનાવેલ તે પદ દ્વારા તે પોતાનું ખાસ ભોજન મંગાવી શકતો નહીતર તેને પણ વાસી ભાજી અને હલકા લોટની રોટીથી પેટ ભરવું પડતું હતું, આઝાદીના સૈનિકોનેઘેરથી ખાણું મંગાવવાની છૂટ હતી. જ્યારે જમાલમિયાંએ રવિશંકર મહારાજને આવી છૂટનો લાભ લેવા કહ્યું ત્યારે મહારાજે કહ્યું, "નહી, હું આવી છુટનો લાભ કદી લઇશ નહી, મારા ભાઈઓ જે અહીં કેદમાં છે તેઓ જ ખોરાક ખાય છે તેજ હું ખાઈશ."

"પણ તેઓ તો ગુનેગાર છે, કેટલાક તો ખૂની છે ચોર છે."

સામેથી દલીલ કરવામાં આવી,

"ગમે તે હો છેવટે તો તેઓ ઈન્સાન છે ને? તો પછી સહુ એકજ માનવજાતિના ભાઈ ભાઇ ખરાને? તો પછી ખાવામાં ભેદ શાનો? તેનને જે ખાવાનું મળે છે તેવુંજ હું ખાઈશ."

તેજ સમયે જમાલમિયાએ પોતાને મળતી સુવિધાનો ત્યાગ કર્યો અને કહ્યું, "આઝાદી માટે જાનની બાજી લગાવનાર જ્યારે સારૂં ભોજન લેતા નથી તો હું કેમ સારૂં ભોજન લઈ શકું? જેલની દાળ-રોટી જ બરાબર છે.

પછી તો રવિશંકર મહારાજના સંપર્કથી જમાલામયાંમાં ખૂબ પરિવર્તન આવ્યું.

રવિશંકર મહારાજની સિદ્ધાત નિષ્ઠાએ એક ક્રૂર હૃદયને મુલાયમ બનાવી સંસારશીલ બનાવ્યું.

'અરિહંત'ના સૌજન્યથી.

---

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઈ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.

-તંત્રી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 0 0 વરદત્ત 0 0

એ શહેરના નૃપતિ હતા શ્રી અજિતસેન, રાણીનું નામ હતુ યશોમતી અને રાજકુમારનું નામ વરદત્ત.

વરદત્ત જન્મથીજ મતિમૂઢ હતો. આખા શરીરે કોઢ રોગ વ્યાપી ગયો હતો. આ કારણે જ રાજા-રાણી ખૂબ દુ:ખી હતા, ખૂબ ખૂબ ઉપાય કર્યા પણ વરદત્ત ન બન્યો નિરોગી કે ન બન્યો જ્ઞાની

એક સમયે જાણ થઈ કે બહાર જ્ઞાની આચાર્ય દેવ પધાર્યા છે, રાજા રાણી અને રાજકુમાર સાથે ગુરૂદેવ પાસે ગયા ભાવપૂર્વક વંદના કરીને વિનયપૂર્વક ગુરૂદેવ પાસે બેઠા, ગુરૂદેવે તેમને ધર્મ-ઉપદેશ આપ્યો. રાજાએ બે હાથ જોડીને પુછ્યું,

"ગુરૂદેવ ! આ મારો પુત્ર વરદત્ત છે. અનેક ઉપાય કરવા છતાં તેને જ્ઞાન પ્રાપ્ત થતું નથી. તેમજ કોઢ રોગ પણ દુર થતો નથી, હે પ્રભુ ! પુર્વ જન્મમાં તેણે શા પાપ કર્યા હશે ? આચાર્ય દેવે કહ્યું " હે રાજન્ ! તેનો પુર્વભવ જણાવું છુ-ધ્યાન પૂર્વક સાંભળો."

ભરતક્ષેત્રમાં સિંહપુર નામે નગર છે તે શહેરમાં વસુદેવ નામે શ્રેષ્ઠિ રહેતો હતો, તેને બે પુત્રો હતા. વસુસાર અને વસુદેવ નામના.

સદ્‌ગુરુના સંપર્કથી બન્ને ભાઇઓ વૈરાગી બન્યા અને દીક્ષા લીધી, નાનો ભાઈ બુદ્ધિમાન હતો. સરસ શાસ્ત્રભ્યાસ કર્યો. દરરોજ ૧૦૦ સાધુઓને અભ્યાસ કરાવતા એક દિવસ જ્યારે વસુદેવ મુનિ શ્રમિત થઇ સૂતા હતા. ગાઢ નિદ્રામા હતા. તે સમયે એક સાધુ તેમને જગાડી ને કહ્યું, " મને અભ્યાસ કરાવો.", વસુદેવ મુનિ અસ્વસ્થ બન્યા, સાધુ પર નારાજ થયા. અહીંથી ચાલ્યા જાઓ હું નહીં ભણાવું."

તેઓએ મનમાં વિચાર્યું, " મેં આ શીખવાનું પાપ કયા કર્યું ? જો હું ભણ્યોજ નહોત તો મારે બીજાને ભણાવવું ન પડત. આ મારો ભાઈ તે શીખ્યો નથી તેથી નિ:ચિંત બની ભોજન શયન કરે છે હવે હું કોઈ સાધુને ભણાવીશ નહી

બાર વર્ષ સુધી કોઇને શિક્ષણ ન આપ્યું તેનુ. મૃત્યુ થયું, તેનો આત્મા તે જ તારો પુત્ર વરદત્ત વસુસાર મુનિ જેમણે સાધુ જીવનમાં જ્ઞાનની ઉપેક્ષા કરી હતી તે મરીને માન સરોવરમાં હંશ બન્યો છે.

પોતાનો પૂર્વ જન્મ સાંભળીને વરદત્ત કુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાનો પૂર્વભવ જાણી લીધો ગુરુદેવે વરદત્તને જ્ઞાન પંચમીની આરાધના કરવાની પ્રેરણા આપી.

સુંદર આરાધનાથી તેનો રોગ થયો અતિમંદતા પણ દુર થઈ. એક હજાર રાજકન્યાઓ સાથે વરદત્તની શાદી થઈ સંસારના અનેક વિધ સુખ ભોગવે છે છતા જ્ઞાન પંચમીના આરાધના ચૂકતો નથી.

એક દિવસ સંસારના સુખોથી વિરકત બની ચારિત્ર અંગીકાર કરે છે, આયુષ્ય પુર્ણ થતાં અનુત્તર દેવલોકમાં દેવ બને છે.

આયુષ્ય પુર્ણ થતાં વરદત્તનો આત્મા મહાવિદેહ ક્ષેત્રમાં રાજા અમરસેનને ત્યાં જન્મ લે છે કુમાર સુરસેનના લગ્ન ૧૦૦ કન્યાઓ સાથે થાય છે, પછી વૈરાગી બની દીક્ષા લે છે ઘોર તપશ્ચર્યથી સર્વ કર્મોની નિર્જરા કરી સિદ્ધગતિ પામેછે

"અરિહંત"ના સૌજન્યથી

## સ્વર્ગવાસ નોંધ

શ્રી મોહનલાલ શામજીભાઈ શાહ (ઉં.વર્ષ ૭૧) તારીખ ૩૧-૧-૧૯૮૯ ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયા છે, તેઓશ્રી માયાળુ સ્વભાવના તેમજ ધાર્મિક વૃત્તિવાળા હતા. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા, પરમકૃપાળુ પરમાત્મા તેઓશ્રીના આત્માને શાન્તિ અર્પે તેવી પ્રાર્થના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગ્વાલિયરના અમર શહીદ યાને ભામાશાહ

# અમરચન્દ બાંઠિયા

લેખક : શ્રી રઘુવીર સહાય

ઇતિહાસને પાને સુવર્ણ અક્ષરે લખી શકાય તેવી અનેક મહાન વિભુતિઓ વિસ્મૃતિના મહાન ગર્તામાં માનચાંદ પામ્યા વગર રહી ગઈ છે. તેમાંની એક **અમરચન્દ બાંઠિયા.**

તેઓશ્રી બીકાનેર (રાજસ્થાન)ના વતની હતા તેમના પૂર્વજ ગ્વાલીયર વ્યાપાર અર્થે ગ્વાલીયરમાં આવી સ્થિર થયા હતા. તેમના દાદાનું નામ ખુશાલચંદજી, પિતાનું નામ અબીરચંદ. તેઓ સાત ભાઈઓ જાલમસિંહ, માલનસિંહ, જ્ઞાનચન્દ, ખૂબચન્દ, સબલસિંહ, માનસિંહ અને તેઓ પોતે. અમરચન્દજી ઓસવાલ જ્ઞાતિના બાંઠિયા ગોત્રીય શ્વેતામ્બર જૈન હતાં. આ ગોત્રના આદિ પુરુષ શ્રી જગદેવ પરમાર ૧૨મી સદીમાં વીર અને દાનવીર પરમાર હતા. તેમના પૌત્ર માલદેવે આચાર્યદેવ માધવદેવ સૂરિ પાસેથી ધર્મ ગ્રહણ કરી, ઓશવાલ જ્ઞાતિમાં શામિલ થયા હતા. તે સમયે માધવદેવજીએ **કમજોર વર્ગના ઉત્થાન માટે** મુક્ત હાથે ધન-રેલ વહાવી હતી. **દાનવીરતાની આ અનુકરણીય પરંપરાના શ્રી ગણેશ કરવાને કારણે જ "બાંઠિયા" ઉપનામથી પ્રસિદ્ધ થયા હતા.** અમરચન્દ બાંઠિયાનો જન્મ આ વંશપરંપરામાં થયેલ હોવાથી દાનવીરતાના તેમનામાં જન્મ જાત ગુણ હતા.

એક કુલિન, સચ્ચરિત્ર જૈન પરિવારના વંશજ હોવાને કારણે તેમની સેવાભાવના, કર્તવ્ય પરાયણતા અને ઇમાનદારી સર્વથા પ્રશંસનીય બની હતી.

મધ્ય ભારતની દેશી રિયાસતોના નરેશોને કર્તવ્યનિષ્ઠ, ચારિત્રવાન અને ઈમાનદાર વ્યક્તિને ખજાનચી તરીકે નિમણુક આપવાની જરૂરિયાત હતી, ત્યારે તે મહાન પદ પર તેમની નિમણુક કરી હતી. સિન્ધિયા નરેસ જયાજીરાવે રાજકોષ માટે —(જે ગંગાજલી તરીકે ઓળખાતું) તેમને પસંદ કર્યા, તે સમયે અપાર સંપતિને કારણે સિન્ધિયા નરેશ 'મોતીવાલા'ના નામથી સુખ્યાત હતા. પણ ત્યાંની પ્રણાલી હતી કે કોઈ રાજા રાજકોષની સંપત્તિ નિહાળી શકતા નહિ. અગર તેમાંથી એક પણ પૈસો લઈ શકતા નહિ. આ રીતે ગ્વાલિયર રાજકોષની સંપત્તિ દિનપ્રતિદિન વધતી રહેતી. પરિણામે રાજકોષમાં ખૂબ ધનસંચય થયો હતો અને તે ફક્ત કોષાધ્યક્ષજ જાણતો. આ પ્રમાણે અમરચન્દ બાંઠિયા આ સંપત્તિના રક્ષક હતા એટલુંજ નહિ માલિક પણ હતા. તેથી પોતે જો ઇચ્છે તો ગંગાજલીમાંથી મનચાહી સપત્તિ અગર રત્નરાશીઓ નિકાલી ધનકુબેર બની શકત. પણ તેઓ ઇમાન પર પોતાની જાન કુરબાન કરનાર બેંકર હતા. રાજકોષના એક પૈસાનો ઉપયોગ પોતાને માટે કરવામાં તે ઘોર પાપ માનતા.

સં. ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય વિગ્રહના નાયક નાનાસાહેબે સેનાનો કબ્જો હાથમાં લીધો. પોતાના વિશ્વાસુ અમલદારોને નિયુક્ત કર્યા. યોગ્ય વ્યક્તિઓને ઊંચા પદ પર સ્થાપિત કર્યા. જેઓ અંગ્રેજો સામે મેદાને પડયા હતા. અનેકને કાયમી નોકર બનાવ્યા. તેણે પુલિસ અફસર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને જવાનોને પાંચ પાંચ માસના પગાર આપી દીધા અને અસંતોષ દૂર કર્યો આ રીતે ૨૦ લાખ રૂપિયાનું ખર્ચ કર્યું. (તેનું મૂલ્ય આજના રૂપિયામાં સાત કરોડ રૂપિયા થાય).

આ વિપુલ ધન રાશીની માંગ નાનાસાહેબ અને રામગોવિન્દ રાવે અમરચન્દ બાંઠિયા પાસે કરી. પ્રથમ તેમણે પોતાની અસમર્થતા જણાવી. પણ દેશહિતને સર્વોપરી માની તેમણે આ સેના નાયકોનો આગ્રહ માન્ય રાખ્યો. આ કથનના પુરાવા રૂપે ભારત સરકાર દ્વારા પ્રકાશિત પુસ્તક "અઢારહ સૌ સત્તાવન"માં શ્રી સુરેન્દ્રનાથ સેને જણાવી છે.

આ પ્રકારે તાત્યાટોપે અને રાવસાહેબની જરૂરિયાતો પુરી કરવા માટે અમરચન્દ બાંઠિયાએ ગંગાજલીની વિશાલ ધનરાશીઓ અને બહુ મૂલ્ય હીરા-ઝવેરાત નિકાલ-નિકાલ કર અનેક વાર ભેટ કરી હતી તે પોતે જાણતા હતા કે આ દેશ ભક્તિને અંગ્રેજો દેશદ્રોહ ગણશે અને ભવિષ્યમાં પોતાને ફાંસીને માચડે ચઢાવશે.

જ્યારે ગ્વાલિયરની રણભૂમિ પર ક્રૂર અંગ્રેજોની સેનાઓની ધ્વજા ફરકી ત્યારે ઝાંસીની વિરાંગના રાણી લક્ષ્મીબાઈની ફોજ માટે ખોરાક, વેતન, વસ્ત્રાદિ વગેરે બાંઠિયાએ પોતાની જાનની બાજી લગાવીને પૂરા પાડયા. આ રીતે જવાંમર્દી, દિલેરી અને દેશભક્તિનો અજોડ પરિચય કરાવ્યો આવાં જોખમ-સાહસ પૂર્ણ કાર્ય અમરચન્દ બાંઠિયાને ગૌરવ અને ગરિમાથી સુશોભિત કરેલ છે, તેની પ્રશસ્તિ ઇતિહાસના પાના ઉપર હંમેશ સુવર્ણ-અક્ષરોથી અંકિત રહેશે.

પોતાના અપૂર્વ રણ કૌશલ્ય અને અદ્દભુત સાહસને ડગલે ને પગલે પરિચય દેતી, રાણી લક્ષ્મીબાઈ ગ્વાલિયરના કમ્પૂ મેદાનમાં તા. ૧૭ જુન ૧૮૫૮ના બપોરના સમયે અંગ્રેજો સાથે જોરદાર ટક્કર લેતી વીર ગતિ પામી. તેના પ્રાત: સ્મરણીય બલિદાન પછીના થોડાજ દિવસોમાં (સંભવતઃ ૨૨ જુન ૧૮૫૮) લક્ષ્મીબાઈની ફોજ માટે રાજકોષ ન્યોછાવર કરનાર કોષાધ્યક્ષ અમરચન્દ બાંઠિયાને ન્યાયનું નાટક કરી, શરાફના લીમડાના વૃક્ષ પર ફાંસીએ લટકાવી, મૃત્યુના ઘાટ પર ઉતારી દીધા.

લશ્કર ગ્વાલિયરની શરાફી બજારમાં એક બીજા સાથે જોડાયેલ મોટી મોટી દુકાનો વચ્ચે એક તરફ કાંટાવાળા તારથી રક્ષિત સદિયો પુરાણા આ લીલાછમ લીમડાનું વૃક્ષ, ભારતના પ્રથમ સંગ્રામની બલિવેદી પર અપના પ્રાણ ઉત્સર્ગ કરનાર, અમર શહીદ અમરચંદ બાંઠિયાની **હરી યાદી**થી સુયુક્ત હજુપણ સ્થિર ઉભું છે.

આ મહાન ક્રાંતિકારી શહીદની પાવન સ્મૃતિને ચિરસ્થાયી બનાવવા હજુસુધી કોઇ પ્રયાસ થયો નથી. નથી થયો ભારત સરકાર તરફથી કે નથી થયો રાજસ્થાન સરકાર તરફથી. ગ્વાલિયરના આ ભામાશાહની સ્મૃતિ ભાવી પ્રજા માટે, દેશ માટેની કુરબાનીનું અજોડ દૃષ્ટાંત પુરું પાડશે તેમ કયારે સમજાશે.

("તિથ્યપર"ના સૌજન્યથી)





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હપ્તો ૨૦ મો : ( ગતાંકથી ચાલુ )

## ધન્ય ઘડી ધન્ય રાતલડી

રઢીયાળી રાત્રી વધુ રમણીય લાગતી હતી. ચંદ્રમા ઘડીકમાં વાદળમાં છૂપાતો હતો. અને ઘડીકમાં વાદળાઓથી બહાર આવી મરક મરક હસતો હતો. મધુરા વાયરાના સહારે વૃક્ષો ડોલી રહ્યાં હતાં, નીરવ શાંતિ પથરાઈ હતી. વાતાવરણ મધુરમ બન્યુ હતું.

શયનખંડમાં સુતેલી શ્રીકાંતાના મુખ પર રહેલા તેજ પર ચંદ્રમાનો શીતળ પ્રકાશ પડતો હતો પાછલી રાત્રીએ પશ્ચિમ તરફ ઢળતો ચંદ્ર પણ શ્રીકાંતાના ભાવિ શુભ સંકેતનું સૂચન કરતો હોય તેવો લાગતો હતો. અને ખરેખર બન્યુ પણ તેવુ જ. શ્રીકાંતાને પાછલી રાત્રીએ એક સુંદર સ્વપ્ન દર્શન થયું.

સ્વપ્ન શાસ્ત્ર ઘણું વિશાળ છે. એની સૃષ્ટિજ કોઇ અલૌકિક છે, એનો પ્રભાવ પણ કોઈ અગમ્ય અને અગોચર છે. સારાયે વિશ્વમાં માનવમાત્રને આવતા સ્વપ્નો કાંઇ બધા જ ફળે છે એવુ નથી, વૈદક શાસ્ત્રમાં પણ કહ્યું છે કે કફ, પિત, વાયુ આ રીતે ત્રણ નાડીયો હોય છે. દર્દીના હાથની નાડી જોઈને વૈદ્ય કહે છે. કે કફનું જોર છે, પિતનો પ્રકોપ છે, કે વાયુનુ પ્રમાણ વધ્યુ છે. જો આમાં ત્રણમાંથી કોઈ પણ પ્રકારે ઓછુ વત્તુ પ્રમાણ વધ્યુ હોય તો તે પ્રકારની દવા આપે છે, અને તેનો દોષ દૂર કરે છે. તેમ જ્યોતિષ શાસ્ત્રમાં અને તેમાં પણ ખાસ જૈન દૃષ્ટિએ જણાવ્યું છે કે રાત્રીના ચાર પ્રહરમાં આવતાં સ્વપ્નો તે તે સમયમાં એટલે કે પહેલા પ્રહરમાં આવેલ સ્વપ્ન છ મહિને કે વર્ષે ફળે છે, બીજા પ્રહરનું સ્વપ્ન ત્રણ મહિને, ત્રીજા પ્રહરનું સ્વપ્ન મહીને ફળે, ચોથા પ્રહરનું સ્વપ્ન પખવાડીયામાં ફળે અને સૂર્યોદય લગભગમાં થયેલુ સ્વપ્ન દર્શન તત્કાળ ફળ આપનારૂં પણ બને છે. અને દર્દના પ્રકોપથી કે કફ પીત કે વાયુના જોરથી આવેલા સ્વપ્નો ફળતા નથી સારા સ્વપ્નો જોઈને જાગી ગયા પછી પાછા સુઈ જવાથી પણ ફળતા નથી. દીવસે સુતા હોય અને તે સમયે આવેલ સ્વપ્ના પણ નિષ્ફળ થાય છે. સ્વપ્ન બાબતમાં આટલેથી વિરમું છું.

અત્યંત પ્રસન્નતામાં સુતેલી શ્રીકાંતાએ પાછલી રાત્રીએ સુંદર સ્વપ્ન દર્શન કર્યું. સ્વપ્નમાં જ આકાશથી ઉતરતા ચંદ્રને પોતાના મુખમાં પ્રવેશ કરતો જોયો. કેટલી સુંદર સ્થિતિ ભર્યું એ દૃશ્ય હતું જાણે કોઈને ભયંકર દાહજ્વર પેટમાં થયો હોય અને શીતળ ચંદનના તેલના બે પાંચ બીંદુઓ મુખ વાટે આપ્યાં હોય અને થોડી વારમાં દાહજ્વર શાંત થાય તેના કરતા પણ અધિક સુંદર આધ્યાત્મિક દૃષ્ટિએ જોઇએ કે ભયંકર આતાપ અને સંતાપ ને દુઃખના દાહ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્વરને શાંત કરવા જ જાણે ચંદ્ર પોતે મુખમાં પ્રવશ્યો ના હોય? એ રીતે સ્વપ્ન દર્શન કરીને જાગેલી શ્રીકાંતા પોતાના પલંગમાં બેઠી થઈ પંચપરમેષ્ઠિનું સ્મરણ કર્યું અને ધીમેથી નીચે ઉતરી પોતાના સ્વામિનાથ ધનદેવને મધુરવાણી વડે ઉઠાડયાં.

હે પ્રાણનાથ! જયજિનેન્દ્ર!!! ઉઠો સ્વામિ જિનમંદિરના ઘંટારવનો મધુર નાદ ક્રોધ, માન, માયા, લોભ અને મોહના પ્રમાદને દૂર કરવાની ઘોષણા કરી રહ્યો છે. હે સ્વામી મિથ્યાંધકારને દૂર કરવા સમ્યકત્વનો સૂર્ય ઉદય પામવાની પ્રવૃત્તિ કરી રહ્યો છે. આવી મધુરી ભાષા વડે પોતાના સ્વામિનાથને ઉઠાડે છે.

ધનદેવે પોતાની પ્રાણપ્રિયા શ્રીકાંતાને બાજુમાં બેસાડી. શ્રીકાંતાએ બે હાથ જોડીને કહ્યું, સ્વામિનાથ! આજે મારૂ હૃદય આનંદથી ઉભરાયુ છે. તન અને મન બંને વિકસ્વર થયા છે. મારો આત્મા આજે પ્રસન્નતા અનુભવે છે.

હે દેવી! એવુ તે શું બન્યું છે? આજે તું વધુ આનંદ અનુભવી રહી છે? દેવી! આજે અત્યંત મધુર શબ્દોથી તે મને ઉઠાડયો તેથી મારૂ મન પણ આજે પ્રસન્નતા અનુભવે છે. બોલોને દેવી આજે શું મંગલ બન્યુ છે.

હે નાથ! આજે પાછલી રાત્રીએ મને સુંદર સ્વપ્ન આવ્યું છે. અને તેમાં કાંઈક ઉંઘતી અને કાંઇક જાગતી એવા મારા મુખમાં આકાશથી ઉતરતા પૂર્ણ ચંદ્રને પ્રવેશતા જોયો. આજે મારૂ તન, મન અને આત્મા શીતળતા અનુભવી રહ્યો છે. હે નાથ! આ સ્વપ્નનું ફળ જણાવો.

હે ધર્મેશ! તમે ઘણું જ સુંદર સ્વપ્ન જોયું છે. હે પ્રાણ વલ્લભા! તમારૂં ભાગ્ય અને સૌભાગ્યનો ઉદય થયો છે. હે સુંદરી! સમસ્ત વણિક કુટુંબમાં યોગ્ય અને કુલના દિપક જેવા પુત્રને જન્મ આપશો અને તે કુલ દિપક કુલની વૃદ્ધિ કરનારો થશે. પોતાના સ્વામીના મુખથી સ્વપ્નના ફળનું નિવેદન સાંભળી આનંદિત થયેલી શ્રીકાંતાએ કહ્યું.

હે પ્રિયતમ! આપે જણાવેલુ ફળ યથાર્થ છે. આપનું વચન સત્ય થાઓ. શાસનદેવીના પ્રભાવથી આ શુકનગ્રંથી હું બાંધુ છું અને તે રાત્રીએ શ્રીકાંતાએ ગર્ભસ્થિતિને ધારણ કરી, અનુક્રમે બે માસ પૂર્ણ થયા અને ત્રીજા માસનો પ્રારંભ થયો એટલે તેણીને અભયદાન દેવાનો સુપાત્રદાન કરવાનો અને પ્રતિદિન ચઢતા દિવસોમાં વિવિધ સુંદર દોહલામાં થતા ગયાં અને તે રીતે જૈનશાસન પ્રભાવનાના કાર્યો કર્યાં અને આ રીતે ગર્ભનું પોષણ શ્રીકાંતાદેવી કરી રહ્યા છે.

(ક્રમશઃ)

હે આત્મન્! જે જીવો જન્મથી જ આંધળા છે, તેઓને સેંકડો ઉપાય કરવા છતાં પણ દૃષ્ટિ મળતી નથી. તેવી જ રીતે જે આત્માઓની વિવેક દૃષ્ટિ મિથ્યાત્વ મોહનીયથી દૃઢ રીતે અવરાયેલ છે, તે જીવાત્માઓને શ્રી જિનશાસનના દર્શન જ થતા નથી. તો પછી આરાધવાની તો વાત જ કયાં રહી? માટે તું અત્યારથી જ મિથ્યાત્મ મોહનીયના બંધ સ્થાનકોને જલાંજલી દે!!! તો જ શ્રી જિનશાસન ત્હને સુલભ બનશે!!!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમયની ઉપેક્ષા

પરમ પૂજ્ય પ્રભુ મહાવીરે વારંવાર કહ્યું, "હે ગૌતમ! મા પ્રમાદ" એ પુનિત વાણી સર્વે શ્રોતાજનો માટે હતી. તેમજ આજની પેઢી માટે પણ ખૂબ હિતકારક ચેતવણી છે.

એક એક પળ કિંમતી છે. વળી વિતેલ સમય પાછો આવતો નથી તેમજ તેટલું આયુષ્ય ઘટે છે. આ બધું સહુ કોઇ સમજે છે, પણ તે પ્રત્યેની બેદરકારી ખતરનાક છે.

કવિ પ્રિયકાન્ત મણિયાર જણાવે છે કે,
હવે આ હાથ રહેના હેમ,
મળ્યું સમયનું, પરથમ વાપર્યું ફાવે તેમ.

વીસમી સદીના લોકો નવરંગી પોષાક પાછળ, રેશમી પેન્ટ, સુટ પાછળ અને દેહપર તેની સજાવટ પાછળ અને અણમોલ સમય વીતાવે છે. એટલું જ નહિ પણ હવે દેહ કેવો શોભે છે? તે નિહાળવા દર્પણમાં અવાર-નવાર જુવે છે. કરચલી કયાંય નથી પડીને? કોલર તો બરાબર છે ને? બુટ પહેરવામાં અને તેની દોરી બાંધવામાં પણ અચ્છો સમય ગુમાવે છે. આ બધું શાને માટે? દેહની શોભા માટે?

ભાઈ! તારી જાતને પૂછ તો ખરો તારો આ દેહ કાયમી છે? નશ્વર દેહ માટે મળ, મૂત્ર અને લીંટ સભર માટે આટલી બધી ખેવના? અરે ભાઈ! તૂં ભાન ભૂલ્યો છે. અહમ્ આત્મા સોઽહમ્-એ વિચાર. તેના ઢંકાયેલ ગુણોનો આવિર્ભાવ કર, નહીંતર ચોરાશી લાખ યોનીના વંટોળમાં કયાંય ઘૂમતો રહીશ.

ઉપર્યુક્ત સમયની બરબાદી કર્યા બાદ ભોજન પાછળ પણ સમય વીતે છે. વધેલો સમય ફોગટ વાતોમાં-ખાલી બકવાદમાં વીતે છે, પરિણામે સુવર્ણ-સમ સમય કથીર બની ગયું છે તેનો વહેમ પણ આવતો નથી. પણ જ્યારે સત્ પુરુષોના સમાગમથી કે તેમના બોધથી આંખ ઉઘડે છે ત્યારે સમજાય છે કે પરોપકાર કરવા માટે જો સહેજ પણ સમય આપ્યો નથી. જો તેમ કર્યું હોત તો તે અમૂલ્ય મૂલ્યવાન બનત.

અંતે જ્યારે વૃદ્ધાવસ્થા હલ્લો કરતી આવે છે ત્યારે પસ્તાવાનો વારો આવે છે.

ભૂતકાળ પર દૃષ્ટિ નાખી, વર્તમાનને નિહાળતાં જણાય છે કે સમય-સુવર્ણની એક નાનકડી રેખા પણ ઉપયોગી થઈ પડે તેવી રહી નથી. તે હવે આત્માના ઉત્કર્ષ માટે કેવી રીતે ઘાટ ઘડાશે?

સહુ પોતાની જાતને પૂછે કે આપણી આવી સ્થિતિ છે કે નહિ, હજુ પણ સંપૂર્ણ પાનખર ઘૂમી વળે તે માટે ક્ષુધા પીડિતોની ક્ષુધા શમાવવા, તૃષાતુરની તૃષા છીપાવવા, અબોલ પશુઓના ઘાસચારા માટે, ખોટા ખર્ચાઓ બંધ કરી, બચત મુડી છુટે હાથે વાપરો. દુઃખીજનોનું દુષ્કાળનું વર્ષ ભલીભાંતી પસાર થાય તેવું કરી છૂટો.

આવો અમૂલ્ય અવસર ફરી નહીં આવે. અત્યારે કરેલું અન્નદાન, ઘાસદાન-સહસ્રગણું ફળ આપવા શક્તિવાન છે તે રખે ભૂલતા.

જિંદગીમાં 'તડકા-છાયા' આવતાં હોય છે માટે સુખી પરિસ્થિતિમાં હાથ લંબાવવામાં ખંચકાશો નહિ.

નહીંતર મૃત્યુ સમયે સર્વ સંપતિ એકી સાથે વિના હસ્ત સ્પર્શે આપવી પડશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મનની વિશુદ્ધિના ઉપાયો

સંકલન : **હીરાલાલ બી. શાહ**

કોઇની પણ નિંદા ન કરવી. પાપી મનુષ્યોને જોઈને તેના કર્મની તેવી જ રચના છે એવો વિચાર કરવો. અથવા તેના કર્મનો જોખમદાર કે જવાબદાર તેજ છે. કરશે તે ભરશે, વાવશે તેવું લણશે, એમ વિચાર કરીને તેની નિંદા ન કરતાં ઉપેક્ષા કરવી. ગુણવાન મનુષ્યોની સેવા કરવી, ગુણાનુરાગ કરવો, દરેક મનુષ્યમાંથી અને દરેક વસ્તુમાંથી ગુણ જોવાની અને લેવાની ટેવ રાખવી, તત્ત્વનો નિશ્ચય કરવો, આત્મશ્રદ્ધા રાખવી. જડ ચૈતન્યનો વિવેક કરવો, બાળક પાસેથી પણ હિતકારી વચન ગ્રહણ કરવા, દુર્જન મનુષ્યોના ઉપર પણ દ્વેષ ન કરવો, પારકી આશાનો ત્યાગ કરવો, વિષયોને પાશ સમાન લેખવવા સ્તુતિ કરે તો ખુશી ન થવું, નિંદા કરે તો ક્રોધ ન કરવો, ધર્મગુરૂની સેવા કરવી, તત્ત્વ પ્રાપ્ત થાય તેની ઇચ્છા રાખવી, મનની પવિત્રતા વધારવી, આત્મ સ્થિરતા કરવી. છળપ્રપંચ ન કરવા. વૈરાગ્ય ધારણ કરવો, મનને નિગ્રહ કરવાની ટેવ કરવી, સર્વ જીવો સાથે મિત્રતા રાખવી, દુઃખી જીવો ઉપર કરૂણા કરવી. અનિત્યાદિ બાર ભાવનાનો વિચાર કરવો, પરમાત્મા તરફ ભક્તિ વધારવી. એકાંતવાસમાં બેસીને આત્મ તુલના કરવી, આગમને મુખ્ય ગણીને વર્તન રાખવું, મનમાં દુવિકલ્પો આવવા ન દેવા, જ્ઞાની તથા વયોવૃદ્ધ પુરૂષની નિશ્રાએ રહેવું.

ઘણી વખત બીજા જીવોના દુર્ગુણો જોઇને તે નિંદા કે વાતોમાં આ જીવ એટલો બધો રસ લે છે કે વિના પ્રયોજને પોતાની વિશુદ્ધિ ગુમાવાને મલીનતામાં વધારો કરે છે, પણ એવા જીવો વિચાર નથી કરતા કે તેના ગુણદોષોના જવાબદાર તે છે, તેનો સારો કે ખોટો બદલો તેને મળશે, તમારા વિચારથી તેનું સારૂં કે બુરૂં થવાનું નથી. માટે તે તરફ ઉપેક્ષા કરવી અને આત્મભાન જાગૃત રાખવું. પોતાના મનની નિર્મળતાની ખાતર પારકાના દોષ જોવાની અને તેની ચિંતાનો ત્યાગ કરવો યોગ્ય છે. શ્વાસે શ્વાસે પરમાત્માનું સ્મરણ કરવું અને આત્માના આનંદમાં લીન થવું, આ સર્વ ઉપાયો મનની વિશુદ્ધિ કરવા માટેના છે.

---

## આભાર :—

તત્ત્વ વિચાર અને અભિવંદના

લે. **ચીમનલાલ ચકુભાઈ શાહ**

સભાને ભેટ પુસ્તક મોકલવા માટે **આભાર.**

પુસ્તકમાં લેખો ચિંતનીય અને મનનીય છે. વિવિધ ક્ષેત્રોને આવરી લીધાં છે મહા પુરૂષોના ચરિત્ર પણ ખૂબ અસરકારક રીતે લખાયાં છે. એક પછી એક લેખ વાંચતા જઇએ અને વિચારોના ઉંડાણમાં ઉતરતાં જઇએ—એવી વિચારધારા રજુ કરી છે. ખૂબજ ઉપયોગી અને અનેકવાર વાંચવા જેવું પુસ્તક છે.

**શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઈટ, ભાવનગર.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી આત્માનંદ સભા યોજિત—

# ઘોઘા તીર્થયાત્રા

જાન્યુઆરી ૧૨–૧–'૮૯

અનંત વિજ્ઞાન વિશુદ્ધરૂપં નિરસ્ત મોહાદિ પરસ્વરૂપમ્ ।
નરામરેન્દ્રૈ કૃતચારુભક્તિં નમામિ તીર્થેશ મનંત શક્તિમ્ ।।

પરમ પ્રભાવક પાર્શ્વનાથના મંદિર પહોંચતાંજ 'નવખંડા પાર્શ્વનાથ કી જય' નો હર્ષોલ્લાસ ભર્યો જયનાદ વાતાવરણમાં ગુંજી ઉઠયો. યાત્રિકો ઉમંગભર મંદિરના સોપાન ચઢતા આનંદ વિભોર બનતા હતા. પ્રભુદર્શન કરતાં, પ્રભુજીના નયનોમાંથી ઝરતી અમૃતધારાથી પાવન બન્યાં. ચૈત્યવંદન આદિ વિધિ ભક્તિ સભર હૈયે પૂર્ણ કરી.

ચા નાસ્તો–વગેરે પતાવી, પૂજાની તૈયારી કરી, પુષ્પાદિક સામગ્રી સાથે સહુ મંદિરમાં આવી ગયા. પરમ તારકની નવઅંગે પૂજા વગેરે કરી, આત્માને ઉજ્જવળ બનાવ્યો.

પીઠિકા પર પ્રભુ સ્થાપન કરી, રાગ–રાગિણી સહિત વાજીંત્ર આદિના સહારે, અહોભાવ અનુભવતાં યાત્રિકોએ સ્નાત્ર ભણાવ્યું. પૂરા ઠાઠ માઠ સાથે મહાપૂજા શરૂ કરી. શ્રી ધનુભાઇએ સ્તુતિ સ્રોત વહેતો મૂકયો. સહુના હૃદયના તાર ઝણઝણી ઉઠયા, અન્ય યાત્રિકોના હૃદયંગમ સૂરે–ભક્તિ રસમાં વૃદ્ધિ કરી. "પુણ્યાહમ્ પુણ્યાહમ્" નો પ્રતિધ્વનિ હૃદય કંદરામાંથી ઉપસ્થિત થતો સહુએ અનુભવ્યો. ખરેખર ધન્ય દિવસ ! ધન્ય પળ !

બપોરના આશરે ત્રણેક વાગે સમુહમાં સહુએ આનંદપૂર્વક ભોજન મ્હાણ્યું.

આવો અનુપમ લાભ આપનાર સખી ગૃહસ્થોનો આભાર અંતરમાંથી સહેજે નીકળીજ પડે.

"નવખંડા પાર્શ્વનાથ જયવંતા હો."

---

હે જીવ ! જે રીતે અલ્પ વૈભવવાળો મનુષ્ય બહુમુલ્ય ચિંતામણી રત્ન ખરીદી ન શકે, તે જ રીતે ગંભીરતા, રૂપ, સૌમ્યપ્રકૃતિ, લોકપ્રિયતા, અક્રૂરતા, પાપભીરૂતા, અશઠતા, દાક્ષિણ્યતા, લજ્જાળુતા, દયા, માધ્યસ્થ્ય, સત્કથા, સુપરિવાર, દીર્ઘદષ્ટિ, વિશેષજ્ઞતા, વૃદ્ધનુસારિતા, વિનય, કૃતજ્ઞતા, પરહિતનિરતતા સ્વરૂપ ૨૧ ગુણ–વૈભવ જેની પાસે નથી, તેવો દરિદ્ર આત્મા શું ધર્મરત્ન પામી શકે ખરા ? અર્થાત્ ન જ પામે !!!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવન સૌરભ

—સુન્દર શશી

હમીરજી ગોહિલ આ જન્મ બ્રહ્મચારી હતા. જગતપાવની સ્ત્રી-કિશોરી-બાળા-કન્યા-મુગ્ધા-યુવતી-પ્રૌઢા-વૃદ્ધા-તમામ, હરકોઇ નાતની કે જાતની, એને મન જગદંબાનો જ અવતાર હતી.

આવા હમીરજી પર ધુમલીના જેઠવાની રાજકુમારી મુગ્ધ બની. રૂપરૂપના અંબાર સમી એ બાળા હમીરજીના નામ પર આફરીન થઈ ગઇ. રાજકુમારી હમીરજી ગોહિલ પાસે આવી અને તેમની પાસે માગણી કરતાં કહ્યું, "પરણું તો આપનેજ પરણું. મને આપનું એકજ સંતાન જોઇએ. મારે જગતમાં એક સમર્થ વીર પાકે તેવું આપની પાસેથી એકજ સંતાન જોઈએ છે" પછી જિંદગીભર આપની પાસે ફરી માંગણી નહિ કરૂં, ગોહિલરાજ હસ્યા અને બોલ્યા, "બસ, એટલુંજ, ફક્ત એકજ સંતાન."

"જી હા, ગોહિલ"

"મારા જેવું જ !"

તેમાં આટલી ફીકર શું કામ કરે છે? મને તારૂજ સંતાન માની લે. હું તારો પુત્ર બનવા તૈયાર છું, તૂં મારી માતા અને હું તારો પુત્ર. આમાં લગ્ન કરવાનો પ્રશ્ન ઉદ્ભવશે નહિ. મારી ટેક જળવાશે, તારી મનોકામના પૂરી થશે.

---

**શ્રી જૈન આત્માનંદ સભા,**
**ભાવનગર. તા. ૨૦-૨-'૮૬**

**માન્યવર સભાસદ બંધુઓ તથા સભાસદ બહેનો,**

શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર સંવત ૨૦૪૨ના મહા શુદ ચૌદશ તા. ૨૩-૨-૮૬ ને રવિવારના રોજ યાત્રા કરવા માટે જવાનું છે.

શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં પૂજા ભણાવવામાં આવશે, નીચેના સદગૃહસ્થો તરફથી ગુરૂભક્તિ તેમજ સ્વામીભક્તિ કરવામાં આવશે.

૧ વનમાળીદાસ ગોરધનદાસ સહપરિવાર.
૨ પોપટલાલ રવજીભાઇ સલોત તથા હસુમતીબેન પોપટલાલ સલોત.
૩ ખીમચંદ પરશોત્તમ બારદાનવાળા તથા તેમના ધર્મપત્ની હરકોરબેન જેરામભાઈ.
૪ સ્વ. હઠીચંદ ઝવેરચંદની ધર્મપત્ની સ્વ. હેમકુંવરબેન હઃ શાહ ભુપતરાય નાથાલાલ
૫ સલોત કાન્તીલાલ રતીલાલની પુત્રી કુમારી વનિતાબેન કાન્તીલાલ સલોત.

મહા શુદ તેરશને શનિવારે સાંજના પાલીતાણે પધારવા આમંત્રણ છે.

ઠેકાણું : લી.
મહારાષ્ટ્ર ભુવન ધર્મશાળા, **પાલીતાણા,** શ્રી જૈન આત્માનંદ સભા, **ભાવનગર.**

---

**તા. ક.** : આ આમંત્રણ ફક્ત મેમ્બરો માટે જ છે. કોઈ મેમ્બર સાથે ગેસ્ટ હશે તો તેની ફી એક ગેસ્ટની રૂા. ૧૦-૦૦ લેવાનું નક્કી કરવામાં આવેલ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુસંધાન ટાઇટલ પેજ ૧ નું ચાલુ )

સમયે મને મળતો નથી તેથી તે બાણની પેઠે પ્રાણ પ્રહારક લાગે છે. હવે મને કાજળનું પ્રયોજન નથી, કાજળનું પ્રયોજન સુખાવસ્થામાં હોય છે. હવે લાજની પણ જરૂર નથી. સ્વામીને મળવા હું ખૂબ ઉત્સુક છું, જ્યાં ત્યાં મને સ્વામીનું જ મનન થાય છે.

તેરમા ગુણસ્થાનકની પ્રાપ્તિ વગર પોતાના ચેતન સ્વામીને સાક્ષાત્ મળી શકતી નથી તે વગર ચેતના ઠરીને ઠામ બેસી શકતી નથી. તેથીજ ઉપર્યુક્ત ઉદ્ગારો નીકળે છે.

મોહની મોહન ઠગ્યો, જગત ઠગારીરી,
દીજીયે આનન્દઘન, દાહ હમારીરી (તાર૦) ૩

મોહ પમાડનારા મારા ચેતન સ્વામીને ઠગારી એવી મોહિનીએ ઠગ્યા છે. તેને તે પોતાના કબ્જામાં રાખે છે. મોહિની સર્વ જગત્‌ને ઠગે છે, દુનિયા આંધળી થઇને મોહિનીના પાશમાં ફસાય છે. મોહનીનાં પેટમાં અજ્ઞાન જીવો કીડાની પેઠે પરભાવ રૂપ વિષ્ટા ચુંથી રહ્યા છે.

હે આનન્દઘન ચેતન સ્વામી! આપ હવે મોહિનીની માયાજાળ તોડી નાખો અને મારા હૃદયમાં આપના પરોક્ષપણાથી વિયોગ રૂપ દાહ ઉત્પન્ન થયો છે. માટે પુષ્કરાવર્ત મેઘ સમાન આપનું દર્શન આપો, જેથી આનન્દની છાયા છવાઈ જાય. એમ શ્રી આનન્દઘનજી કહે છે.

---

**રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) ફોર્મ–૪ (નિયમ ૮ પ્રમાણે**
**"આત્માનંદ પ્રકાશ" સંબંધમાં નીચેની વિગતે પ્રગટ કરવામાં આવે છે.**

૧. પ્રસિદ્ધિ સ્થળ : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ–ભાવનગર.

૨. પ્રસિદ્ધિ ક્રમ : દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ.

૩. મુદ્રકનું નામ : શેઠ હેમેન્દ્રકુમાર હરિલાલ,
કયા દેશના : ભારતીય.
ઠેકાણું : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

૪, પ્રકાશકનું નામ શ્રી જૈન આત્માનંદ સભા વતી, શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત.
કયા દેશના : ભારતીય.
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર.

૫. તંત્રીનું નામ : પોપટભાઈ રવજીભાઈ સલોત.
કયા દેશના : ભારતીય.
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર.

૬. સામાયકના માલીકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર,

આથી હું પોપટલાલ રવજીભાઈ સલોત જાહેર કરૂં છું કે ઉપરની આપેલી વિગતો અમારી જાણ તથા માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬–૨–'૮૬ પોપટલાલ રવજીભાઇ સલોત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ઠી શ્લાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે (મૂળ સંસ્કૃત) | ૨૦-૦૦ |
| ત્રિશષ્ઠિ શ્લાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે (મૂળ સંસ્કૃત) | ૨૦-૦૦ |
| દ્વાદશાર નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલી ભુક્તી પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| જિનદતા આખ્યાન | ૮-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨૫ ૦૦ |

| ગુજરાતી ગ્રંથો | |
|---|---|
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦ ૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૮-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ.આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૧૫ ૦૦ |
| ,, ,, ભાગ ૨ | ૩૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૬-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૨-૫૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦ ૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંકઃ પાકુ બાઈન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબીન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સુક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)


તંત્રી : શ્રી પોપટભાઇ રવજીભાઇ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only